ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર. ખગોળ, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 28th August, 2020

પ્રતિ,

તંત્રી શ્રી,

............................................................................,

ભાવનગર.

## ગ્રહો અને ઉપગ્રહના પરિભ્રમણને કારણે સર્જાતું માણવા લાયક દ્રશ્ય

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

સતત પરિવર્તનશીલ અવકાશમાં રહેલ દરેક પદાર્થો સતત કોઈ ને કોઈ પ્રકારની ગતિમાં રહેલા છે. એટલે અપના બ્રહ્માંડમાં સમયાંતરે થતા ફેરફારો તથા ગ્રહો ઉપગ્રહોની પરિભ્રમણ કરવાની ઝડપ અને એમની વચ્ચેના અંતરો ના કારણ થી ઘણી વખત ગ્રહો કે ઉપગ્રહો કોઈ ચોક્કસ સ્થાન પર એક સાથે ગોઠવાઈને આપણી માટે કુતુહલ સર્જે છે. આવા અવકાશીય પદાર્થોને ટેલિસ્કોપ દ્વારા લોકોને જોવા માટે પ્રેરિત કરવા અને આ રોમાંચિત ક્ષણ નો અનુભવ કરાવવો અને સાથે સાથે તેની સાથે જોડાયેલ ખગોળીય માહિતી દ્વારા લોકોના જ્ઞાનને એક નવી દિશા આપવાના હેતુથી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સતત કાર્યરત છે. પરંતુ હાલ્લ કોરોના ના કહેર વચ્ચે લોકોને ખગોળીય બાબતોની માહિતીને સતત કોઈ ને કોઈ માધ્યમ દ્વારા લોકો સુધી પહોચાડી રહ્યું છે.

આપણે જાણીએ છીએ સૂર્યની આસપાસ બધા ગ્રહો લંબવૃતીય આકારની ભ્રમણ કક્ષામાં પરીભ્રમણ કરતા હોય છે. અમુક વખતે આ ગ્રહો અને ઉપગ્રહો એ પ્રકારની રચનામાં ગોઠવાય છે જે કારણે અમુક સમયે જોવા અને માણવા લાયક દ્રશ્ય સર્જન થતું જોવા મળે છે. આ દ્રશ્ય ખુબ ભાગ્યે જ જોવા મળતું હોય છે. આવી જ એક ઘટના તા. ૨૯-૦૮-૨૦૨૦ ની રાત્રિએ ૮ વાગ્યા થી ૮:૪૫ કલાક દરમ્યાન જો આકાશ સ્વચ્છ હશે તો દક્ષિણ દિશામાં શનિ અને ગુરુ ગ્રહ એક બીજા ને સમાંતર અને સીધી રેખામાં તથા એ બંને વચ્ચે અને સહેજ નીચેની તરફ આપણા ચાંદામામા ગોઠવાઈને એક અલગ જ દ્રશ્ય જોવા મળનાર છે. પરંતુ જ આ ઘટના નિહાળી શકાશે. જેથી ખગોળપ્રેમી જનતાને તાકીદ કરવામાં આવે છે કે પ્રદુષણરહિત અને વાદળોરહિત સ્વચ્છ આકાશ હશે તો આ દ્રશ્ય નરી આંખે નિહાળી શકાશે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

28/08/2020 5:20 PM

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.